અપીલ અરજી નં.૨૨૧ તા.૨૪–૧૦–૦૮

અરજદારઃ શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલ

સામાવાળાઃ(૧) શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગઅને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલની આઈ ડી.નં.૬૪૬ તા.૧૫–૯–૦૮ અરજીથી શહેરી વિકાસ અને ફુડ માર્કેટ રેકર્ડ,ગુમાસ્તા,આકારણી વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૧/૨૦૦૮–૦૯

શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલની આઈ ડી.નં.૬૪૬ તા.૧૫–૯–૦૮ અરજીથી શહેરી વિકાસ અને ફુડ માર્કેટ રેકર્ડ,ગુમાસ્તા,આકારણી વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબતે કરેલ અરજી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૯ (શહેર વિકાસ ખાતા)ને લગતી માહિતી આપવામાં આવેલ ન હોવાથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૩ તા.૫–૧૧–૦૮ થી શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગઅને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૨૬ તા.૨૯–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૧૫–૯–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૬ બાબતે માહિતી માંગવામાં આવેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૧૧ તા.૧૭–૯–૦૮ થી મ. જાહેર માહિતી અધિકારી ચીફ ફુડ ઈન્સ્પેકટર/ચીફ ગુમાસ્તા નિરીક્ષક/સેકશન ઓફિસર રેકર્ડ/ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૯ માં શહેરી વિકાસ ખાતાને લગતી માહિતી નહીં મળ્યા બદલ અપીલ અરજી કરેલ છે. જેમાં બડેખા ચકલા પખાલીવાડ મુકામે આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧/૩૦૩૬ વાળી મિલ્કતમાં ફરીથી બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તો તેના પ્લાન રીન્યુ કરાવેલ છે કે કેમ? બાંધકામ કરનારે બાંધકામ પહેલા શું કાર્યવાહી કરવી પડે છે અને મંજુરી લેવી પડે છે તેની માહિતી રજાચિઠ્ઠી કોના ધ્વારા મેળવી શકાય અધૂરા બાંધકામને ડ્રેનેજ તેમજ પાણીની સુવિધા આપી શકાય તેમજ સદરહુ મિલ્કતમાં તે સુવિધા માંગવામાં આવે છે કે કેમ? તેમજ તેવી મિલ્કતમાં માનવ વસવાટ કરી શકાય તથા તે મિલ્કતની એસેસમેન્ટ નકલ તેમજ વોર્ડ નં.૧૧/૨૬૯ પૈકી ૨૭૭ થી ૨૮૦ પૈકી ૩૭૭ પૈકીની નાણાવટ ભાગાતળાવ વિસ્તારમાં આવેલ અનુપમ ચેમ્બર્સની રજાચિઠ્ઠી અને એસેસમેન્ટ નકલની માંગણી કરેલ છે.

શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકીર સેન્ટ્રલ ઝોન કક્ષાએથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૮૬ તા.૨૧–૧૧–૦૮ થી અરજદારને અપીલ અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી તથા અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૧૬ પૈકી મુદ્દાની ઈન્સ્પેકશન સિવાય મુદ્દા નં.૧ તથા ૨ થી ૯ તથા ૧૬ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા મુદ્દા નં.૧૧ થી ૧૫ અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફે ચીફ ગુમાસ્તાધારા નીરિક્ષકશ્રી તથા રેકર્ડ વિભાગને તેમના તા.૧૭–૯–૦૮ થી સમય મર્યાદામાં તબદીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૫–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૧૧ થી ૧૫ નિયત સમય મર્યાદામાં લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે તથા તેની માહિતી અંગે અપીલના તબકકે કોઈ દાદ માંગેલ નથી. તેમજ અન્ય મુદ્દા નં. ૧ થી ૯ કરેલ અપીલ અંગે અને મુદ્દા નં.૧૬ ની માહિતી અરજદારને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી તા.૨૧–૧૧–૦૮ ના રોજ આનુષાંગિક નકલ સહિત પૂરી પડાયેલ છે. તેમ છતાં મુદ્દા નં.૧ તથા ૮ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી તે ફાઈલ પુરતું ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયેથી અરજદાર ધ્વારા માંગવામાં આવે તે નકલ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને ડાયરેકટર ઓફ પ્લાનીંગઅને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મુસ્તુફા આઈ. પટેલ,